GJAR060000682026

Presented on : 09-01-2026
Registered on : 09-01-2026
Decided on : 01-07-2026
Duration : 22D-05M-00Y

**IN THE COURT OF**
**PRINCIPAL CIVIL JUDGE AT ,ARVALLI**
**(Presided Over by MR.A.A.JANI)**

ફોજદારી કેસ નં. ૫૮/૨૦૨૬

આંક-

**FORM - A**

| પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br>એ.એ.જાની સાહેબની કોર્ટમાં,<br>મુકામ – ધનસુરા.<br>ચુકાદાની તારીખ :– ૦૧/૦૭/૨૦૨૬<br>ક્રિમીનલ કેસ નં. ૫૮/૨૦૨૬ | |
|---|---|
| ફરીયાદી | ત.ક.અ. જીતેન્દ્રસિંહ રતનસિંહ ઝાલા (બ.નં.-૩૯૩) |
| ફરીયાદપક્ષે વકીલશ્રી | ડી.ડી.પટેલ |
| આરોપી | રામાભાઈ મોહનભાઈ ડાભી,<br>ઉ.વ.૭૨, ધંધો– મજૂરી,<br>રહે. બુટાલ, તા.ધનસુરા, જી.અરવલ્લી. |
| આરોપીપક્ષે વકીલશ્રી | વી.આઈ.ભરવાડ |

**FORM – B**

| | |
|---|---|
| બનાવની તારીખ | ૧૭/૦૭/૨૦૨૫ |
| એફ.આઈ.આર. તારીખ | ૧૭/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તા. | ૦૯/૦૧/૨૦૨૬ |
| આરોપી નો જવાબ રજુ થયા તા. | ૨૯/૦૪/૨૦૨૬ |
| પુરાવો ચાલુ થયા તા. | ૨૯/૦૪/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તા. | ૦૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદા તા. | ૦૧/૦૭/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તા. | // |

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા | જામીન પર | ગુનો | તકસીરન વાન/ | સજા | સી. આર. |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તારીખ | છોડયા તારીખ | | નિર્દોષ | | પી.સ ી.ક લમ – ૪૨૮ માટે કસ્ટડ ીમાં રહેલ સમય |
| ૧. | રામાભાઇ મોહનભાઇ ડાભી, ઉ.વ.૪૨, ધંધો– મજૂરી, રહે.બુટાલ, તા.ધનસુરા, જી.અરવલ્લી. | | | પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ એ.એ. મુજબ | **નિર્દોષ** | | |

**FORM – C**

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે/ કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ./ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ**

| ક્રમ | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૩ | જીતેન્દ્રસિંહ રતનસિંહ ઝાલા (બ.નં.-૩૯૩) | ફરીયાદી |
| ૨. | ૦૯ | કૌશીકભાઇ મગનભાઇ પરમાર | પંચ સાહેદ |
| ૩. | ૧૨ | શંકરભાઇ ગુલાબભાઇ ખાંટ | પંચ સાહેદ |

**બી. બચાવપક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**સી. કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે/ કોર્ટ પક્ષે આંક :**

**એ./ફરીયાદપક્ષે આંક :**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | પંચનામુ |
| ૨. | ૧૪ | ફરિયાદ |

| | | |
|---|---|---|
| ૩. | ૧૫ | સુચિપત્ર |

બી. બચાવપક્ષે આંક :

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – – | – – | – – |

સી. કોર્ટ પક્ષે આંક :

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – – | – – | – – |

કબજે કરેલ મુદામાલ :

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| – – | – – | – – |

**ગુન્હો પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ એ.એ.**

---

સરકાર તરફે :- વિ.વ. શ્રી ડી.ડી.પટેલ

આરોપી તરફે :- વી.આઇ.ભરવાડ

---

**–:: ચુકાદો ::–**

**(૧).** આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૧૭/૦૭/૨૦૨૫ ના કલાક ૧૯/૩૦ વાગે મોજે બુટાલ ગામે પોતાના અંગ કબજામાં એક પ્લાના કેનમાં દેશી લીટર.૦૧ કિંમત.રૂ.૨૦૦/– નો રાખી પોલીસ રેઇડ દરમ્યાન મળી આવી પકડાઇ જઇ ગુનો કરી પ્રોહી કલમ– ૬૫ એ.એ. મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે અને તે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદી શ્રી જીતેન્દ્રસિંહ રતનસિંહ ઝાલા, પોલીસ કોન્સ. બ.નં. ૩૯૩ નોકરી ધનસુરા પોલીસ સ્ટેશન જી.અરવલ્લીવાળાએ ધનસુરા પો.સ્ટે.માં આપતા સદર ફરીયાદ ધનસુરા પો.સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૪૨૫૦૪૫૨/૨૦૨૫ થી નોંધવામાં આવેલી અને સદર કામ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હોવાની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૨).** આ કામના આરોપીને સમન્સ બજવણી કરતા તેઓ કોર્ટ સમક્ષ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે, તેઓને બી.એન.એસ.એસ. ની કલમ - ૨૩૦ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી

કર્યા બાદ આંક - ૦૬ થી તહોમતનામું ઘડવામાં આવેલ છે અને આંક – ૦૭ થી પ્લી લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૩). આ કામમાં ફરીયાદપક્ષ તરફથી નીચે પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ – કૌશીકભાઈ મગનભાઈ પરમારની સોગંદ ઉપરની જુબાની | ૦૯ |
| ૨. | પ્રા.પંચનામું | ૧૦ |
| ૩. | પંચ સાહેદ – શંકરભાઈ ગુલાબભાઈ ખાંટની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૪. | ફરીયાદી– જીતેન્દ્રસિંહ રતનસિંહ ઝાલાની સોગંદ ઉપરની જુબાની | ૧૩ |
| ૫. | અસલ ફરીયાદ | ૧૪ |
| ૬. | સુચિપત્ર | ૧૫ |

(૪). આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા તેના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). આ કામે ફરિયાદ પક્ષના વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી કરતા ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. તમામ પુરાવાના અંતે આરોપીનું બી.એન.એસ.એસ.કલમ– ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં મોટા ભાગની હકીકતનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, અમો નિદોર્ષ છીએ ખોટી રીતે અટક કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૬). દલીલ

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી ડી.ડી.પટેલની દલીલ સાંભળવામાં આવેલ છે.

(૭). કેસની ઉપરોકત હકીકતો તથા ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે,આરોપીએ ગઇ તા.૧૭/૦૭/૨૦૨૫ ના કલાક ૧૯/૩૦ વાગે મોજે બુટાલ ગામે પોતાના અંગ કબજામાં એક પ્લાના કેનમાં દેશી લીટર.૦૧ કિંમત.રૂ.૨૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન મળી આવી પકડાઇ જઇ ગુનો કરી પ્રોહી કલમ– ૬૫ એ.એ. મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮). ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે પ્રમાણે આપવામાં આવે છે :

(૧) ''નકારમાં''

(૨) '' આખરી હુકમ મુજબ''

(૯). **:: કારણો ::**

આમ, સમગ્ર રીતે જોવા જોઈએ તો, આંક – ૦૯ થી રજુ થયેલ પંચ સાહેદે પોતાની જુબાનીમાં તથા આંક – ૧૨ થી રજુ થયેલ પંચ સાહેદે પોતાની જુબાનીમાં તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં પંચો તરીકે તેઓની સહીઓ છે જે તેઓ ઓળખી બતાવે છે. જેના પંચનામા નો આંક–૧૦ છે. તેઓ ધનસુરા ચાર રસ્તે જતા હતા ત્યારે સદર સહી રસ્તા ઉપર કરી હતી. તેઓ પોલીસ સાથે કયારેય કોઈ રેડમાં ગયેલા હોય તેવુ બનેલ નથી. પોલીસે તેઓની સહી કરાવી હતી પરંતુ કંઇ બાબતે કરાવી હતી તેની ખબર નથી. પોલીસે તેઓની હાજરીમા કોઈ મુદ્દામાલ પકડેક હોય તેવુ બનેલ નથી. પોલીસે તેઓને પંચનામા વિશે કંઇ કીધુ નથી કે પંચનામા બાબાતે કંઇ પુછેલ નથી. તેઓએ પંચનામામા સહી કર્યા પહેલા કાગળ વાંચેલ નથી.

પોલીસે તેઓની હાજરીમા કોઈ મુદ્દામાલ દારૂ પકડેલ હોય તેવુ બનેલ નથી અને તેનુ વિગતવારનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. પંચનામાની વિગતો વિશે તેઓ કંઈજ જાણતા નથી. હાલના આરોપી પાસેથી જ કહેવાતો પ્રોહી મુદામાલ કબજે કરવામાં આવેલ હોય તેવુ સદરહું સાહેદોની જુબાનીથી રેકર્ડ ઉપર સાબીત થતું નથી. સદરહું બંને પંચ સાહેદોએ આંક – ૧૦ થી રજુ થયેલ પ્રા. પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદરહું પંચ સાહેદ પ્રા.પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે. સદરહું પંચ સાહેદ આંક – ૧૦ થી રજુ થયેલ પ્રા.પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે આંક – ૧૦ થી રજુ થયેલ પ્રા. પંચનામું પુરવાર થયેલ માની શકાય નહી.

**(૧૦).** જયારે આંક – ૧૩ થી રજુ થયેલ ફરીયાદી જીતેન્દ્રસિંહ રતનસિંહ ઝાલાનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તા.૧૭–૭–૨૦૨૫ ના રોજ હુ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બુટાલ તરફ જતા અંગત બાતમી હકીકત મળેલ કે,બુટાલ ગામના રહેવાસી રામાભાઇ મોહનભાઇ ડાભીનાઓ પોતાના હાથમાં એક.પ્લા.કેન પ્રવાહી ભરેલુ લઈને બેસેલ હોય નજીકમાંથી ૨ પંચના માણસો બોલાવી તેમને હકીકત થી વાકેફ કરેલ અને પંચોને સાથે રાખી બાતની હકીકત વાળી જગ્યાએ જતા એક ઇસમ તેના હાથમાં પ્લા.કેન લઇને બેસલે હોય તે વ્યકતિને કોર્ડન કરી તપાસતા તેમાંથી દેશી દારૂ લીટર–૦૧ કી.રૂ.૨૦૦ નો દેશી દારૂની ગે.કા.રીતે વેચાણ કરતા મળી આવેલ. મને આંક–.૧૦. થી રજુ મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે જોઇને ઓળખી બતાવુ છુ.બનાવની મે ફરિયાદ આપેલી.મને આજરોજ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે ફરિયાદ રજુ દાખલ આંક.૧૪. આપવામાં આવે છે.પી.એસ.ઓ ધ્વારા ગુનો રજી.કરી સુચીપત્ર તૈયાર કરી આ ગુનાની તપાસ મને સોપેલી.મને સુચીપત્ર બતાવવામાં આવે છે જેમાં પી.એસ.ઓ.ની સહી છે જે જોઇને ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક.૧૫. આપવામાં આવે છે.તપાસના કામે મે લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલા.આરોપી સામે ચાર્જશીટ કરવા જેટલા

પુરાવા મળી આવતા મે નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.આરોપીને જોયેથી ઓળખી શકુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તેજ છે.

સદરહું ફરીયાદીની જુબાનીને કોઇ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી. સદરહું સાહેદ પોલીસ સાહેદ હોય તેઓને સોંપવામાં આવેલ ફરજ મુજબની કામગીરી તેઓએ કરેલ હોવાનું જણાય આવે છે.

**(૧૧).** ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે તે પંચ સાહેદ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આંક – ૧૧ થી રજૂ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે જીવાભાઈ ટી.વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકિકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો તે શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં રહે છે. આ કામે રજૂ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકિકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. **નામદાર સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિ.દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઈએ નહી. વધુમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જ્યારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદ પક્ષના

પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહીં. વધુમાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં**, માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ. – એચ.સી. પાના નં.૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ " જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપીઓ પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીઓને શંકાનો લાભ આપી શકાય.

**(૧૨).** આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતા રેઈડવાળી જગ્યા જાહેર વિસ્તાર માણસોની અવરજવરવાળો વિસ્તાર હોવા છતાં આજુબાજુના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે પો.સાહેદ સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ ન હોય તપાસવામાં આવેલ નથી. તેમજ આ કામે ફરીયાદીનો પુરાવો રજુ થયલ હોય અને તેઓની જુબાનીને અન્ય કોઇ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામના પંચ સાહેદ પંચનામાની હકીકતોનો સમર્થન આપેલ નથી. જેથી આરોપીએ બુટાલ ગામે પોતાના અંગ કબજામાં એક પ્લાના કેનમાં દેશી લીટર.૦૧ કિંમત.રૂ.૨૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન મળી આવી પકડાઇ આવેલ હોવાની હકીકતને નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ ન હોય, તપાસવામાં આવેલ નથી. જેથી એક માત્ર ફરીયાદના આધારે અને અન્ય વિશ્વસનીય પુરાવાને અભાવે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષે કોઇ સ્વતંત્ર સાહેદો પુરાવાને કામે રજુ નથી. આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ રહેલો હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. તેમજ હાલના કેસની પરીસ્થતી જોતા આરોપીનાઓ વિરૂદ્ધ સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો તદન ન્યાયીક કાર્યવાહી ઉપર ભારરૂપ, બોજા રૂપ તેમજ સમયના નિર્રથક બગાડ કરવા પાત્ર

જણાઇ આવતું હોય આ સંજોગોમાં આ કોર્ટનું એમ માનવું છે કે, ફરીયાદપક્ષ આરોપી સામે હાલનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તે સંજોગોમાં આરોપીને હાલના ગુન્હામાં દોષિત ઠરાવી શિક્ષા કરવાનું યોગ્ય, ન્યાયી અને વ્યાજબી જણાતું ન હોય મુદ્ધા નં. ૧ નો જવાબ '' નકારમાં'' આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ::–**

(૧). આ કામના આરોપી– **રામાભાઇ મોહનભાઇ ડાભી**,ઉ.વ.૪૨, ધંધો– મજૂરી,રહે. બુટાલ, તા.ધનસુરા, જી.અરવલ્લીને બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૧(૧) મુજબ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ - ૬૫ એ.એ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાતમચુરકા અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આ કામે મુદામાલ પાવતી નં. ૧૭૯/૨૦૨૫ ના કામે રજુ થયેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૧લી, માહે – જુલાઇ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૧/૦૭/૨૦૨૬**
**સ્થળ:ધનસુરા.**

**(અર્પિત એ. જાની)**
**જયુડી.મેજી.ફ.ક.,**
**અરવલ્લી (ધનસુરા).**
**(કોડ નં. જીજે૦૧૬૪૪)**

(જે.એમ.પરમાર)
સ્ટેનોગ્રાફર